અપીલ અરજી નં.૯૯ તા.૧૬–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી પિયુષ ઠાકોરભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે)અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિયુષ ઠાકોરભાઈ પટેલની તા.૧૧–૫–૧૦ ની અરજીથી મોજે પીપલોદના રે.સ. નં.૭૪ જેને ટીપી નં.૬ પીપલોદ ઓ.પી. નં.૫ ફા.પ્લોટ નં.૧૩ થી નોંધાયેલ છે તે પરવાનગી વગર કરવામાં આવેલ બાંધકામ ગેરકાયદેસર ઠરતું હોય તે તાત્કાલીક દુર કરવાની જવાબદારી કયા અધિકારી/કર્મચારીની છે? ગેરકાયદેસરનું બાંધકામ કયારે દુર કરવામાં આવશે? તેની તારીખની વિગતવાર માહિતી આપવી. સદર જમીન ખેતીની હોય અને તે જમીનમાં મનાઈ હુકમ હોવા છતાં કયા અધિકારી /કર્મચારીના મેળાપીપણામાં ગેરકાયદેસર બાંધકાર કરાવેલ છે. કર્મચારી અધિકારીના નામ સહિતનીમાહિતીના મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૬–૬–૧૦ ની **SMC/FAP/** નં.૯૯/૨૦૧૦–૧૧

શ્રી પિયુષ ઠાકોરભાઈ પટેલની તા.૧૧–૫–૧૦ ની અરજીથી મોજે પીપલોદના રે.સ. નં.૭૪ જેને ટીપી નં.૬ પીપલોદ ઓ.પી. નં.૫ ફા.પ્લોટ નં.૧૩ થી નોંધાયેલ છે તે પરવાનગી વગર કરવામાં આવેલ બાંધકામ ગેરકાયદેસર ઠરતું હોય તે તાત્કાલીક દુર કરવાની જવાબદારી કયા અધિકારી/કર્મચારીની છે? ગેરકાયદેસરનું બાંધકામ કયારે દુર કરવામાં આવશે? તેની તારીખની વિગતવાર માહિતી આપવી. સદર જમીન ખેતીની હોય અને તે જમીનમાં મનાઈ હુકમ હોવા છતાં કયા અધિકારી /કર્મચારીના મેળાપીપણામાં ગેરકાયદેસર બાંધકાર કરાવેલ છે. કર્મચારી અધિકારીના નામ સહિતનીમાહિતીના મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારીના તા.૫–૬–૧૦ ના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૨૧૩ ના રોજ નિર્ણયથી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ થયેલ હોય તો તે અંગેનો પત્ર,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૬ તા.૧૯–૬–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે)અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને અરજીમાં નિર્દિષ્ટ પત્રો, નોટીસની નકલો તેમજ મળેલી માહિતી બાદ જાહેર માહિતી અધિકારીએ આપેલ મુદ્દા નં.ર અને ૩ ના પાનાની નકલોની વિગત મોકલી તે મળ્યા બાદ કઈ બાબતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૪૬ તા.૫–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી આપવા અંગે પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૨૦૨ તા.૩–૬–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ ૨૧૩ તા.૫–૬–૧૦ ના પત્રની નકલ તથા તેના એકટનોલેજમેન્ટના સ્લીપની નકલ,અરજદારને આપેલ પત્ર નં.સા.વે.ઝોન/અઠવાઝોન/આ. નં.૧૦૬૯ /૧૦૭૦ તા.૧૨–૫–૧૦ ના પત્રની નકલ,નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૮૦૩૫ તા.૨૯–૧–૦૮ ના પત્રની નકલ, ,નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૯૦૦૫ તા.૨૬–૩–૦૯ ના પત્રની નકલ, ,નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૪૩૯ તા.૧૫–૪–૧૦ ની વિકાસ પરમીશનના પત્રની નકલ, તા.૧૧–૩–૧૦ ના રોજ કરેલ એફીડેવીટ તથા બાંહેધરી પત્રકની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૪–૬–૧૦ ના રોજ પત્ર મળેલ છે. જેમાં અરજદારે પરવાનગી વગરના બાંધકામ ગેરકાયદેસર ઠરતું હોય તાત્કાલીક દુર કરવાની જવાબદારી કયા અધિકારી/કર્મચારીની છે. તેમના નામ અને હોદ્દાની માહિતી માંગેલ છે.

અરજદારની તા.૧૧–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી અઠવાઝોનમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૨૦૨ તા.૩–૬–૧૦ થી માંગેલી માહિતી અને દસ્તાવેજો માટે પાના નંગ–૧૦ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૦/– જમા કરવાનું ફરમાવવામાં આવેલ. જે અરજદારે તા.૩–૬–૧૦ ના રોજ રસીદ નં.૪૪૧૦૦૦ થી દસ્તાવેજ ફી રૂા.૨૦/– ભરેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૨૧૩ તા.૫–૬–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ. જેના મળેલા પ્રતિભાવથી માંગવામાં આવેલી માહિતીનો જવાબ આપવામાં આવેલ નથી તેવું જણાવી તા.૧૬–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં. (૧) મોજે પીપલોદના રે.સ. નં.૭૪ જેને ટીપી નં.૬ પીપલોદ ઓ.પી. નં.૫, ફા.પ્લોટ નં.૧૩ થી નોંધાયેલ છે તે પરવાનગી વગર કરવામાં આવેલ બાંધકામ ગેરકાયદેસર ઠરતું હોય તે તાત્કાલીક દુર કરવાની જવાબદારી કયા અધિકારી/કર્મચારીની છે? ગેરકાયદેસરનું બાંધકામ કયારે દુર કરવામાં આવશે? તેની તારીખની વિગતવાર માહિતી આપવી. સદર જમીન ખેતીની હોય અને તે જમીનમાં મનાઈ હુકમ હોવા છતાં કયા અધિકારી /કર્મચારીના મેળાપીપણામાં ગેરકાયદેસર બાંધકામ કરાવેલ છે. કર્મચારી અધિકારીના નામ સહિતની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ અન્વયે જણાવેલ બાંધકામ ગેરકાયદેસર ઠરતું હોય તો તે દુર કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહે છે. આ સિવાય અન્ય કોઈ માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલ

અરજીમાં તાત્કાલીક દુર કરવાની જવાબદારી કયા અધિકારી/કર્મચારીની છે? ગેરકાયદેસરનું બાંધકામ કયારે દુર કરવામાં આવશે? તેની તારીખ આપેલ નથી. નિયમ મુજબ કેટલા દિવસમાં ગેરકાયદેસર બાંધકામ તોડવું ફરજીયાત છે? શા માટે વિલંબ કરવામાં આવી રહયો છે? સ્પષ્ટ કારણો લેખિતમાં આપવા વિનંતી. કયા અધિકારી/કર્મચારીના મેળાપીપણામાં ગેરકાયદેસરનું બાંધકામ કરાવેલ છે. તે કર્મચારી/અધિકારીનું નામ, હોદ્દા સહિતની માહિતી આપશો. તે કયા કારણોસર આપવામાં આવેલ નથી? કોઈ અધિકારી/કર્મચારીની જવાબદાર નકકી છે કે નહી? તેવી રજૂઆત કરેલ છે. ખાતાકીય કામગીરી અને તેની જવાબદારી બાબત હેઠળના જવાબદાર કર્મચારી/અધિકારીના નામ અને હોદ્દાની માહિતી આરટીઆઈ એકટની કલમ–૪(ડી) હેઠળ સ્વયં પ્રકાશિત કરવા જોગ માહિતીમાં આવે છે તેથી તે માહિતી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પાડવાની રહે. વધુમાં ગેરકાયદેસર બાંધકામ કયારે દુર કરવામાં આવશે તેવા પ્રશ્ન આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) સાથે સુસંગત નથી તથા અન્ય પ્રશ્ન જેવા કે, નિયમ મુજબ કેટલા દિવસમાં ગેરકાયદેસર બાંધકામ તોડવું ફરજીયાત છે વિગેરેઅરજદારે મુળ અરજીથી અલાયદા અપીલ તબકકે ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.(૨) ઉષાબેન તે જયેશભાઈ પરભુભાઈની વિધવાએ તા.૧૦–૧–૦૮ તા.૧૮–૧૨–૦૮ તા.૩–૫–૧૦ ના રોજ કમિ.શ્રી સુરત મહાનગરપાલિકાને તેમજ ઝોનલચીફશ્રી સાઉથ વેસ્ટઝોન ઉદ્દેશીને જે નોટીસ મોકલાવેલી તે નોટીસ મુજબ તમોએ આજ દિન સુધી શું કાર્યવાહી કરેલી છે? તે તમામ કાર્યવાહીને લગતા તમામ પ્રકારના પત્ર વ્યવહારો તથા તે અંગે જે કઈ પગલા લીધેલ હોય તેની પૂરેપૂરી વિગતવાર માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ અન્વયે જણાવેલ વિગતો ઝોન કચેરીએથી કરેલ કાર્યવાહીના કરેલ પત્ર વ્યવહારની ચાર નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે જે અત્રે પણ રજૂ કરેલ છે.જે બાબતે અરજદારની અપીલમાં કોઈ તકરાર નથી. મુદ્દા નં.(૩) પીપલોદના ગામતળનું ઘર સર્વે નં.૯૦, હિસ્સા નં.૫૪ કે જે સુરત મહાનગરપાલિકાના દફતરે ટેનામેન્ટ નં.૩૭એ–૦૫–૩૪૨૧–૦–૦૦૧ થી નોંધાયેલ મિલ્કતમાં પરભુભાઈ પરસોત્તમભાઈ પટેલે સુરત મહાનગરપાલિકાના સમક્ષ પ્લાન પાસ કરાવાતી વખતે રજૂ કરેલ એફીડેવીટ બાંહેધરી પત્ર ( પાર્કીગ) ની નકલ–૧ સર્ટીફાઈડ આપવી. સુરત મહાનગરપાલિકાએ આપેલ રજાચિઠ્ઠીની નકલ–૧ સર્ટીફાઈડ આપવી. સદરહુ મિલ્કતમાં મનાઈ હુકમ હોવા છતાં કયા અધિકારી/કર્મચારીના મેળાપીપણામાં પ્લાન મંજુર કરાવેલ છે? તે કર્મચારી/અધિકારીનું નામ, હોદ્દો સહિતની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ અન્વયે માંગ્યા મુજબની માહિતી પાના નંગ–૬ આપવામાં આવેલ છે. વધુમાં સદર મિલ્કતમાં મિલ્કતદારે રજૂ કરેલ માલીકીના પુરાવા ધ્યાને લઈ બાંધકામના પ્લાન મંજુર કરવામાં આવેલ છે આ સિવાય બાંધકામના મનાઈ હુકમ વિગેરેની માહિતી ઝોન કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે જે બાબતે અરજદારે અપીલ અરજીમાં મિલ્કતમાં મનાઈ હુકમ હોવા છતાં કયા અધિકારી /કર્મચારી ના મેળાપીપણામાં પ્લાન મંજુર કરાવેલ છે? તે કર્મચારી/અધિકારીના હોદ્દા સહિતીની માહિતી આપશો. તે કયા કારણોસર આપવામાં આવેલ નથી? અધિકારી/કર્મચારીના નામ હોદ્દાની વિગત આપેલ નથી. તેવા પ્રશ્ન બાબતે મિલ્કતના મનાઈ હુકમ બાબતે અરજદારને આપેલ માહિતીના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/૧૦૬૯/૧૦૭૦ તા. ૧૨–૫–૧૦ થી જણાવેલ છે કે માલીકીના હકના હિસ્સા બાબતે વડીલો પાર્જીત મિલ્કતમાં અરજીમાં જણાવયા મુજબ થયેલ રે.દિ.મુ. /૨૨૯/૧૯૯૨ પક્ષકારો સાથેનો અંદરોઅંદર કૌટુંબિક દાવો છે તેવું અરજદારને પત્ર પાઠવી જણાવેલ છે. વધુમાં મુદ્દા નં.૩ ની માહિતીમાં પણ આ સિવાય બાંધકામની મનાઈ હુકમ વિગેરેની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું પણ જણાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ ની અંશતઃ જવાબદાર અધિકારી કર્મચારીને લગતી માહિતી જે કલમ– ૪ (ડી) હેઠળ સ્વયં પ્રકાશિત કરવા જોગ માહિતી હેઠળ પણ સમાવિષ્ટ થાય તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પાડયેલ હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે ઉપસ્થિત કરેલ મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ......જાણ તથા અમલ માટે
(૨) શ્રી પિયુષ ઠાકોરભાઈ પટેલ,